ફોજદારી કેસ નં. **૭૩૮૬૪/૨૦૨૨**

**– :: આંક–૦૧ નીચે હુકમ. :: –**

(૧) આજ રોજ એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ફરીયાદી તર્ફે આંક– **૦૩** ની જુબાની તથા કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામે ફરીયાદીને સમન્સ કાઢતા ફરીયાદી અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે, આરોપી હાજર નથી. ફરીયાદી / ભોગ બનનાર આંક–૦૩ ની હાલની સરતપાસથી તેમજ આંક–૦૭ ની પુરશીશથી જાહેર કરે છે કે, તેઓ આરોપી વિરુધ્ધ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરવા માગે છે અને તેઓએ સદર કેસ આગળ ચલાવવો નથી. સદર જુબાની તેઓને વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખે છે.

(૨) ઉપરોકત હકિકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, ફરીયાદી સમાધાન લાયક ગુનામાં જુબાનીમાં પણ સમાધાન કરી શકે કે કેમ ? તે અંગે આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય. બી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા. ૨૦૦૮ ક્રિ. લો જ. ૯૨૮

૨. યેસુદાસ અને બીજા વિ. સબ ઈન્સ્પેકટર ઓફ પોલીસ, કલ્લાસમેસરી અને બીજા. ૨૦૦૮ ક્રિ.લો.જ. ૧૨૯૦

(૩) સદર ઓથોરીટીઓમાં નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ) ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એકપક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાના કોલમ નં. ૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી / ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહિં.

(ડી) ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહિં.

(ઈ) ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લેતા પહેલાં ઈન્વેસ્ટેગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આ જ સિધ્ધાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***"Navnitbhai Ratibhai Adhyaru v. State of Gujarat - 2018(2) GLH 690"*** વાળા જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ છે.

(૫) આમ, ઉપરોકત ઓથોરીટીઓમાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર / માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની ફરીયાદીની જુબાની સ્વિકારવાને પાત્ર છે તેમજ ફરીયાદીની જુબાનીની હકિકતને ધ્યાને લેતા જો જુબાની ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરીણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી અને ફરીયાદી / ભોગ બનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની જુબાની આપેલ છે. માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની ફરીયાદીની જુબાનીના આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

– :: હુકમ :: –

૧. આ ગુનાનાં આરોપી ગણેશ ઉર્ફે રોડિયો ઉર્ફે લોટીયો નારણભાઈ ભાટી (બાવરી) નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦(૦૧)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઘાટલોડીયા પો.સ્ટે. ના ગુ.રજી.નં. એ/૧૧૧૯૧૦૪૪૨૨૦૨૮૬/૨૨, ક્રિમી.કેસ નં. ૭૩૮૬૪/૨૨, ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે મુ.પા.નં. ૬૮/૨૦૨૨ માં જણાવ્યા મુજબનો કબ્જે કરવામાં આવેલ મદ્દામાલ બાબતે ફરીયાદીએ તેમની જુબાનીમાં સદર મુદ્દામાલ તેમને નામ.કોર્ટના હુકમથી પરત મળી ગયેલ હોવાનું જણાવેલ હોય સદર મુદ્દામાલ અંગે અગાઉ કરેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે અને તેમાં જણાવેલી શરતો અપીલ સમય વિત્યા બાદ રદ્દ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૦૨૩

(કુ. ભારતી જી. રાઠોડ),
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
કોડ નં. જી.જે.૦૧૪૮૧